RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 18, Dt.02-04-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ બાબા રામદેવનું શીર્ષાસન!



## પતંજલિ દ્વારા આયુર્વેદની ભ્રામક જાહેરાત મામલે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને કોર્ટે ફટકાર લગાવી હતીઃ અમારી ભુલ થઈ છે માફી માગીએ છીએઃ બાબા રામદેવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આયુર્વેદિક કંપની પતંજલિ આયુર્વેદની ભ્રામક જાહેરાત મામલે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં હાજર થયા હતા. આ મામલે સુનાવણી કરી રહેલા જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની ખંડપીઠે કહ્યું કે આ કેસમાં રજૂ કરવામાં આવેલા બંનેના એફિડેવિટ ક્યાં છે? તેના પર રામદેવના વકીલે કહ્યું કે બંનેએ માફી માંગી લીધી છે અને બંને કોર્ટમાં હાજર છે.

તેના પર કોર્ટે કહ્યું કે આ કોર્ટની કાર્યવાહી છે. આને હળવાશથી ન લઈ શકાય. અમે તમારી માફી સ્વીકાર ન કરી શકીએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ૨૧ નવેમ્બરના કોર્ટના આદેશ છતાં બીજા દિવસે રામદેવ, બાલકૃષ્ણ અને પતંજલિએ પ્રેસ કોન્ફરન્સ કરી. માત્ર માફી માંગવી પુરતી નથી. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી અને પતંજલિની જાહેરાત છપાઈ રહી હતી. તમે બે મહિના પછી કોર્ટમાં હાજર થયા છો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તમારો મીડિયા વિભાગ તમારાથી અલગ નથી, તમે આવું શા માટે કર્યું? તમને ગત નવેમ્બર મહિનામાં ચેતવણી આપવામાં આવી હતી તેમ છતાં તમે પ્રેસ કોન્ફરન્સ કરી. કોર્ટે કહ્યું કે, આ મામલે એક જ એફિડેવિટ દાખલ કરવામાં આવ્યું છે, જ્યારે બે એફિડેવિટ દાખલ કરવા જોઈએ.

કોર્ટે કહ્યું કે, તમે એક્ટનું ઉલ્લંઘન કઈ રીતે કર્યું? તમે કોર્ટને બાંયધરી આપ્યા બાદ પણ ઉલ્લંઘન કર્યું. તમે પરિણામ માટે તૈયાર થઈ જજો. શું તમે એક્ટમાં ફેરફાર અંગે મિનિસ્ટ્રીનો સંપર્ક કર્યો?

આના પર પતંજલિએ સ્વીકાર્યું કે તેમનાથી ભૂલ થઈ છે. તેના પર કોર્ટે કહ્યું કે તમે કોર્ટની અવમાનનો જવાબ આપો. રામદેવ તરફથી વકીલાત કરી રહેલા બલબીર સિંહે કહ્યું કે અમારી માફીનામું તૈયાર છે. તો બેન્ચે પૂછ્યું કે તે રેકોર્ડમાં કેમ નથી. બલબીરે કહ્યું કે તે તૈયાર છે પરંતુ અમે ઈચ્છતા હતા કે, જરૂર પડવા પર જ જરૂરી ફેરફારો કરવામાં આવે.

ખંડપીઠે કહ્યું કે સુપ્રીમ કોર્ટમાં કેસની સુનાવણી છતાં અખબારોમાં જાહેરાતો આપવામાં આવી રહી હતી અને તમારા અસીલ જાહેરાતોમાં નજર આવી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમે દેશની સેવા કરવાનું બહાનું ન બનાવો.

રામદેવના વકીલે કહ્યું કે ભવિષ્યમાં આવું નહીં થશે. અગાઉ થયેલી ભૂલ માટે માફી માગીએ છીએ. રામદેવે પણ કોર્ટની માફી માગી હતી. તેમણે કહ્યું કે હું આ વર્તનથી શરમ અનુભવી રહ્યો છે. અમે સમજીએ છીએ કે આ સુપ્રીમ કોર્ટનો આદેશ છે. ખંડપીઠે કહ્યું કે દેશની દરેક કોર્ટનું સન્માન કરવું જોઈએ.

કોર્ટે કહ્યું કે તમે અમારા આદેશના ૨૪ કલાકની અંદર પ્રેસ કોન્ફરન્સ કરી. આ જાહેરખબર પ્રસિદ્ધ કરવી એ દર્શાવે છે કે કોર્ટ પ્રત્યે તમારી કેવી ભાવના છે. તેના પર રામદેવના વકીલે કહ્યું કે અમારાથી ભૂલ થઈ છે. અમે તેનાથી મોં નથી ફેરવી રહ્યા અને ન તો છુપાવી રહ્યા છે. અમે સ્વીકારીએ છીએ. અમે બિનશરતી માફી માંગીએ છીએ.

# ગુજરાતમાં ત્રણ માસ ગરમી ગાભા કાઢશેઃ તાપમાન ૪૮ ડિગ્રી થવાની સંભાવના

## એપ્રિલથી જૂન સુધી ગુજરાત સહિત મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ તથા આંધ્ર પ્રદેશમાં હીટવેવની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત સહીતનાં રાજયોમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને કારણે બે દિવસથી આકરી ગરમીમાં રાહત છે.પરંતુ જુન મહિના સુધી દેશભરનાં મેદાની ભાગોમાં સામાન્ય કરતા વધુ અગનવર્ષા વરસવાની તથા લુ ફુંકાવાની ચેતવણી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.



ભારતીય હવામાન વિભાગનાં વડા મૃત્યુંજય મહાપાત્રેએ જણાવ્યું હતું કે એપ્રિલથી જુનમાં મોટાભાગનાં ક્ષેત્રોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે. ભીષણ ગરમી પડશે અને આ સમયગાળા દરમ્યાન ૧૦ થી ૨૦ દિવસ લુ ફુંકાવાની સંભાવના છે. પશ્ચિમ હિમાલન ક્ષેત્ર, પૂર્વોતર રાજયો તથા ઉતરીય ઓડીશાનાં કેટલાંક ભાગોમાં તાપમાન સંબંધી બદલાવ શકય છે.

હવામાન વિભાગની આગાહીમાં એમ કહેવામાં આવ્યું છે કે ત્રણ મહિનાનાં આ સમયગાળામાં આકરી ગરમી-લુની સૌથી વધુ અસર ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, ઓશીડા, ઉતરીય છતીસગઢ તથા આંધ્રપ્રદેશમાં રહેવાની સંભાવના છે.જયારે પશ્ચિમી હિમાલયન ક્ષેત્ર, પૂર્વોતર રાજયો તથા ઉતરીય ઓડીશામાં તાપમાન નોર્મલ કરતાં નીચુ રહી શકે છે.

ચાલૂ એપ્રિલ મહિનામાં દેશનાં મોટાભાગનાં ક્ષેત્રોમાં તાપમાનનો પારો નોર્મલ કરતા વધુ ઉંચો રહેવાની શકયતા છે અને મધ્ય-દક્ષિણ ભારતમાં તેની સૌથી વધુ અસર રહેશે. આ ક્ષેત્રોમાં હીટવેવનો ગાળો પણ મોટો રહેવાની આશંકા છે અર્થાત સામાન્ય રીતે ૧ થી ૩ દિવસ રહેતી હીટવેવ ૨ થી ૮ દિવસ સુધી રહી શકે છે.

હવામાન વિભાગની ભીષણ ગરમીની આગાહી ઘણી ગંભીર ગણી શકાય તેમ છે. કારણ કે આ સમયગાળા દરમ્યાન જ ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે અને તેનાં પરીણામો જાહેર થવાના છે. ચૂંટણીનાં પ્રથમ બે તબકકાની પ્રક્રિયા શરૂ પણ થઈ ગઈ છે. પ્રથમ તબકકાનું મતદાન ૧૯ એપ્રિલે યોજાવાનું છે અને અંતિમ સાતમા તબકકાનું ૧ જુને થનાર છે. ૪ જુને મત ગણતરી થવાની છે.

લોકસભાની ચૂંટણીના તમામ સાત તબકકા દરમ્યાન ભીષણ ગરમી રહી શકે છે. તેની મતદાન પર અસર થવાની આશંકા સ્પષ્ટ છે. જોકે, આકરી ગરમીથી મતદારોનું રક્ષણ કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકોએ તબીબી સ્ટાફથી માંડીને વિવિધ સુવિધા વ્યવસ્થા રાખવાના આદેશો કરવામાં આવ્યા છે. છતાં આકાશમાંથી વરસતી અગનવર્ષાને કારણે લોકો ઘર બહાર નિકળવાનું ટાળે તો મતદાન પર અસર થવાની ભીતિ રહે જ છે.

# આગામી લોકસભાની ચૂંટણીમાં વીવીપેટ કાપલીઓની ગણતરી કરવા ઉઠી માંગ

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ચૂંટણીપંચ પાસે જવાબ માંગ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચૂંટણીના પરિણામોમાં ઈવીએમ મશીન સામે સવાલો ઉઠી છે ત્યારે આગામી લોકસભાની ચૂંટણીમાં ઈવીએમની સાથે વીવીપેટની બધી જ ચિઠ્ઠીઓની ગણતરી કરવામાં આવે તેવી અરજી એક સામાજિક કાર્યકર્તાએ સુપ્રીમ કોર્ટમાં ઉઠાવતા આ મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ચૂંટણી પંચ પાસે જવાબ માગ્યો છે.





વોટર વેરિફિએબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપીએટી) વોટ વેરિફિકેશન પ્રણાલી છે જે મતદાતાને એ જોવાની મંજુરી આપે છે કે તેનો વોટ તે ઉમેદવારને ગયો છે કે નહીં જેને તેણે વોટ આપ્યો છે. વીવીપેટથી ઈવીએમ મશીનથી કાગળની એક ચિઠ્ઠી નીકળે છે જેમાં મતદાતા જોઈ શકે છે કે તેણે કોને મત આપ્યો છે.

આ બધી ચિઠ્ઠીઓ એક સીલબંધ ડબ્બામાં રાખવામાં આવે છે અને વિવાદની સ્થિતિમાં તેને ખોલવામાં આવે છે. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ સંદીપ મહેતાની પીઠે ચૂંટણીમાં બધી વીવીપેટ ચિઠ્ઠીઓની ગણતરી કરવાનો અનુરોધ કરનાર સામાજિક કાર્યકર અરૂણકુમાર અગ્રવાલના વકીલોની દલીલ પર ધ્યાન આપ્યા બાદ અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. આ મામલે આગામી સુનાવણી ૧૭મેએ છે.

# દેશનું ભાગ્ય જનતા જનાર્દન લખે છેઃ ડો.એસ. જયશંકર

## વિશ્વમાં ભારતની જે ઉજળી છબી બની છે તેમાં સૌથી મોટો હિસ્સો ગુજરાતીઓનોઃ ભારત પાસે દુનિયાને મોટી અપેક્ષાઃ ટુંક સમયમાં જ ભારત વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જશે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દરેક દેશનું ભાગ્ય તે દેશની જનતા જનાર્દન લખે છે તેમાં કોઈ બેમત નથી. જનતા દરેક પાંચ વર્ષ માટે દેશનો વિકાસ કરતાં નેતાને સત્તાનું સુકાન સોંપે છે. આ વાત રાજકોટની મુલાકાતે આવેલાં વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારત ભાગ્ય વિધાતા અંતર્ગત પ્રભુધ્ધ નાગરિકો સાથેના વાર્તાલાપમાં કહી હતી.

આજે રાજકોટની મુલાકાતે આવેલાં વિદેશ મંત્રી એસ. જયશંકરે શહેરના નાગરિકો સાથે ખુલ્લા મને વાતચીત કરતાં જણાવ્યું હતું કે છેલ્લા દશ વર્ષમાં ભારત બદલાયું છે. ૧૦ વર્ષમાં ભારતે જે પ્રગતિ કરી છે તે વિશ્વની નજરમાં આવી છે. આજે સમગ્ર દુનિયા ભારતને માનની નજરે જોઈ રહી છે. આવનારા ૨૫ વર્ષ ભારતના હશે અમૃતકાળ યાત્રામાં વિકસીત ભારતનું જે સ્વપ્ન છે તે વર્તમાનમાં જ સાકાર થઈ રહ્યું છે. હું ગુજરાતથી રાજ્ય સભાનો સાંસદ છુ અને કેન્દ્રમાં વિદેશ મંત્રી તરીકે સ્થાપિત છું તેનું મને ગર્વ છે. કારણકે હું પણ ગુજરાતનો હિસ્સો છું. તેવું જણાવતાં જયશંકરે કહ્યું કે આજે વિશ્વના દરેક ખુણામાં ગુજરાતીઓ વસે છે. તેમનું યોગદાન ભારતના વિકાસમાં અનન્ય છે તે વાત ભુલી શકાય નહીં.

આપત્તિ કાળ માટે આજે કેન્દ્ર સરકારે અલગ ફંડ જ ફાળવ્યું છે. જેના કારણે કોઈપણ વિપત્તિ આવે ત્યારે આપણે તેનો સરળતાથી સામનો કરી શકીએ છીએ. તેમ કહી જયશંકરે જણાવ્યું કે ૨૦૨૨માં યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યુ ત્યારે આપણા ૨૨૦૦૦ વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા હતા. જેને પોલેન્ડ દેશની મદદથી ઓપરેશન ગંગા ચલાવી તમામને સુખરૂપ ભારત પાછા લાવવામાં આવ્યા હતા. હાલમાં વિશ્વના અર્થતંત્રમાં ભારતનો પાંચમો નંબર છે જે ૨૦૧૪ની સાલમાં ૧૧મો હતો. આવનારા ૨ થી ૩ વર્ષમાં જ ભારત જર્મની અને જાપાનને પછાડી વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જશે.

પોતાના પ્રવચનના અંતે એસ. જયશંકરે પ્રમુખસ્વામી ઓડીટોરિયમ ખાતે ઉપસ્થિત શહેરના પ્રબુધ્ધ નાગરિકોને તેઓના સવાલોના જવાબ આપ્યા હતા.

# ક્ષત્રિય સમાજ મોટુ મન રાખી પરષોત્તમ રૂપાલાને માફ કરેઃ સી.આર. પાટીલની અપીલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. રાજકોટની બેઠક પરના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો રોષ સમવાનું નામ જ નથી લેતો. ત્યારે આજે ગાંધીનગરમાં સી.આર પાટીલના નિવાસસ્થાને મહત્તવની બેઠક યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાથે ભાજપના ક્ષત્રિય નેતાઓ પણ હાજર રહ્યા હતા.



આ બેઠકમાં રૂપાલાના વિવાદને લઈને સી.આર. પાટીલે હાથ જોડીને ક્ષત્રિય સમાજને માફી આપવા વિનંતી કરી હતી. સી.આર. પાટીલે કહ્યું કે, પરૂપાલાએ માફી માગી છતા રોષ યથાવત છે. હું પણ વિનંતી કરું છું કે ક્ષત્રિય સમાજ મોટું મન રાખીને રૂપાલાને માફી આપે. રાજકોટ બેઠક પર ઉમેદવાર બદલવા અંગે કોઈ વિચારણા નથી.થ

ત્યારે હવે એક બેઠક બાદ તુરંત બીજી બેઠક યોજાઈ છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર.પાટીલ અને હર્ષ સંઘવી, રજની પટેલ, વિનોદ ચાવડા ઉપસ્થિત રહ્યા છે. મહત્વનું છે કે, હવે અમદાવાદના ગોતામાં આવતીકાલે બપોર ૩ વાગ્યે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ સાથે ભાજપની બેઠક યોજાશે.

ગાંધીનગરમાં સી.આર. પાટીલના નિવાસસ્થાને ભાજપના ક્ષત્રિય નેતા સાથે બેઠક કરી છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યગૃહ મંત્રી હર્ષ સંઘવી અને રત્નાકરજીને પણ બેઠકમાં બોલાવાયા હતી, આ બેઠકમાં ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, બળવંતસિંહ પણ ઉપસ્થિત રહ્યાં હતી. આઈ.કે.જાડેજા, કેસરીદેવસિંહ ઝાલા, જયરાજસિંહ પરમાર, જયદ્રથસિંહ પરમાર પણ બેઠકમાં હાજર રહ્યાં હતા. આ બેઠકમાં રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો આક્રોશ કેવી રીતે શાંત પાડવો તે માટે ચર્ચા થઈ હતી.

# રેલવે મુસાફરો આનંદોઃ હવે યુપીઆઈ દ્વારા જનરલ ટ્રેનની ટિકીટ પણ ખરીદી શકાશે, નિયમો બદલાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવું નાણાકીય વર્ષ ૧ એપ્રિલ, ૨૦૨૪ થી શરુ થઈ ગયું છે અને તેમા કેટલાક નિયમોમાં ફેરફારો કરવામાં આવી રહ્યા છે. આ જ રીતે આ વર્ષે ૧ એપ્રિલથી રેલવે પણ જનરલ ટિકિટને લઈને એક એવો નિયમ લાવી રહી છે, જે દેશમાં જનરલ ટિકિટ પર મુસાફરી કરતા કરોડો લોકોને રાહત મળશે. ૧ એપ્રિલથી રેલવે જનરલ ટિકિટના પૈસા ચુકવણી માટે ડિજિટલ QR કોડને પણ મંજૂરી આપવામાં આવી છે, જેના દ્વારા તમે UPI દ્વારા તમારી જનરલ ટ્રેનની ટિકિટ પણ ખરીદી શકશો. દેશના ઘણા રેલવે સ્ટેશનો પર આ સેવા શરૂ થઈ ચૂકી છે.



રેલવે સ્ટેશનો પર લાંબી લાઈનોમાંથી મુસાફરોને રાહત આપવા અને ડિજિટલ ઈન્ડિયા તરફ વધુ એક પગલું ભરતા રેલવેએ નિર્ણય લીધો છે, કે હવે રેલવે સ્ટેશનો પરના અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર પણ ઓનલાઈન ટિકિટની સુવિધા મળી રહેશે. આ સેવા ૧ એપ્રિલ, ૨૦૨૪થી નાગરિકો માટે શરૂ કરવામાં આવી છે.

રેલવેની આ નવી સર્વિસથી લોકો રેલવે સ્ટેશન પર હાજર સામાન્ય ટિકિટ કાઉન્ટર પર QR કોડ દ્વારા પેમેન્ટ કરી શકશે. જેમાં Paytm, Google Pay અને Phone Pay જેવા મુખ્ય ઓઈ મોડ દ્વારા ચુકવણી કરી શકાશે. જેના કારણે ટિકિટ કાઉન્ટરો પર લાંબી લાઈનોમાંથી રાહત મળશે. આ ઉપરાંત હવે છૂટા પૈસાની પણ તકલીફ નહીં પડે.

રેલવે દ્વારા ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી ટિકિટ કાઉન્ટર પર જનરલ ટિકિટ ખરીદવા જતા લોકોને ઘણી રાહત મળશે. આ સાથે ટિકિટ કાઉન્ટર પર હાજર કર્મચારી દ્વારા રોકડમાં વધતા તે પાછા આપવામાં ટાઈમ બગડતો હતો તે સમય બચશે. આ ઉપરાંત રોકડ ચૂકવણીમાં થતી અનિયમિતતાઓ પણ ઓછી થશે. લોકોને ડિજિટલ પેમેન્ટ દ્વારા ઓછા સમયમાં ટિકિટ મળશે, જે સંપૂર્ણ પારદર્શક પેમેન્ટ સિસ્ટમને પ્રોત્સાહન આપશે.

# રેકોર્ડ તૂટ્યોઃ રક્ષા ક્ષેત્રમાં ભારતે પહેલીવાર રૂ.૨૧ હજાર કરોડની કરી નિકાસ, ૮૪ દેશોને વેચ્યાં હથિયાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**


ભારતે ૨૧ હજાર કરોડ રૂપિયાના સંરક્ષણ સાધનોની નિકાસ કરી સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં નવો રેકોર્ડ નોંધાયો છે. આ બાબતને ખૂબ જ મોટી સફળતા ગણાવી સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, ભારતે ૮૪ દેશોમાં સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરી આશ્ચર્યજનક લક્ષ્ય હાંસલ કર્યું છે. નાણાંકીય વર્ષમાં સંરક્ષણ નિકાસમાં ૩૨.૫ ટકાનો ઉછાળો નોંધાયો છે.



રાજનાથ સિંહે એક પોસ્ટમાં કહ્યું કે, ભારતે પ્રથમવાર વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૧,૦૮૩ કરોડ રૂપિયાની સંરક્ષણ નિકાસ કરી અને હવે આપણો દેશ સૌથી વધુ સંરક્ષણ આયાત કરનાર દેશમાંથી બહાર આવી સૌથી મોટા નિકાસકાર દેશ બનવાની દિશા તરફ આગળ વધ્યું છે. સંરક્ષણ મંત્રાલયે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ઘણા આવા પગલા ઉઠાવ્યા છે, જેના કારણે ભારતે એક મોટી સફળતા હાંસલ કરી છે.તેમણે કહ્યું કે, દેશના સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રને પ્રેરિત કરવા ઉપરાંત ટેકનિકલ મામલે આધુનિક સુવિધા વધારાતા સંરક્ષણ નિકાસમાં વધારો થયો છે. આવી સુવિધાઓ વધવાના કારણે સરકારી અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ માટે પણ ઉત્સાહજનક વાતાવરણ ઉભું થયું છે. સંરક્ષણ ક્ષેત્રે ભારતની નિકાસ વધારવામાં ૫૦ ભારતીય કંપનીઓએ પણ મહત્વનું યોગદાન આપ્યું છે.

ભારતની સંરક્ષણ નિકાસ વિશ્વના ખૂણે ખૂણાં સુધી પહોંચી રહી છે. ભારત દ્વારા ઈટાલી, માલદીવ, શ્રીલંકા, રશિયા, યુએઈ, પોલેન્ડ, ફિલિપાઈન્સ, સાઉદી અરેબિયા, ઈજિપ્ત, ઈઝરાયેલ, સ્પેન, ચિલી સહિત ઘણા દેશો સુધી સંરક્ષણ નિકાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ભારતીય સંરક્ષણ સાધનોની વિશ્વભરમાં માંગ વધી રહી છે.

# અમદાવાદ તરફથી રાજકોટ તરફ આઇસરમાં લઇ જવાતો વિદેશી દારૂ-બિયરના જંગી જથ્થા સાથે એકને દબોચી લેતી મોરબી ક્રાઇમ બ્રાંચ






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી ટીમે પૂર્વ બાતમીને આધારે વાંકાનેર બાઉન્ડ્રી નજીકથી આઇસર ગાડીમાં અમદાવાદ તરફથી રાજકોટ લઇ જવાતો વિદેશી દારૂ-બિયરના ૭,૧૬૪ નંગ બોટલ/ટીન કિ.રૂ.૧૩.૯૦ લાખથી વધારેના જંગી જથ્થા સાથે આઇસર ચાલકની ધરપકડ કરવામાં આવી હતી જયારે માલ મંગાવનાર તથા અન્ય એકના નામ ખુલતા તે આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે દારૂ બિયરનો જથ્થો, આઇસર ગાડી રોકડા તથા એક મોબાઇલ સહીત કુલ ૨૪ લાખથી વધારે કિંમતનો મુદામાલ એલસીબી પોલીસે કબ્જે કર્યો છે.

મોરબી એલસીબી પોલીસના પો.હેડ કોન્સ. સુરેશભાઇ હુંબલ તથા પો.કોન્સ.વિક્રમભાઇ ફુગશીયાને ખાનગીરાહે બાતમી મળેલ કે, અમદાવાદ તરફથી એક આઇસર નંબર-જીજે-૧૫-એએક્સ-૦૧૯૪ રાજકોટ તરફ જનાર છે જે આઇસરમાં ગેરકાયદેસર ઇંગ્લીશ દારૂ તથા બીયરનો જથ્થો ભરેલ છે. જે હકીકત આધારે વાંકાનેર બાઉન્ટ્રી ડ્રાઇવર વિજય હોટલ સામે વોચ ગોઠવતા ઉપરોકત આઇસર ગાડી પસાર થતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦એમએલની કુલ ૨,૬૦૪ નંગ બોટલ તથા બિયરના ત્રણ બ્રાન્ડના ૪,૫૬૦ નંગ ટીન એમ કુલ ૭,૧૬૪ નંગ બોટલ/ટીન જેની કુલ કિ.રૂ. ૧૩,૯૦,૮૦૦/- નો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે આઇસર ગાડી, રોકડ તથા એક મોબાઇલ સહીત ૨૪,૦૨,૩૦૦/-નો મુદામાલ જમ કરી આઇસર ગાડીનો ચાલક સુભાષસીંગ કેદારસીંગ સીંગ ઉવ-૩૪ રહે. મેનીજોર પોસ્ટ-ગાદી વીશનપુર થાણા-ખૈરા જી.જમુઇ બિહારની ધરપકડ કરવામાં આવી છે જયારે પકડાયેલ આરોપીની સઘન પૂછપરછમાં અન્ય આરોપી હેમંતભાઇ પટેલ રહે.દમણ તથા માલ મંગાવનારનું નામ ખુલતા તેમને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર તેમજ લાલપુરમાં પોલીસે જુદા જુદા ચાર સ્થળો પર દારૂના દરોડા પાડી નાની-મોટી ૭૦ બોટલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તેમજ લાલપુરમાં પોલીસે જુદા જુદા ચાર સ્થળો પર ઈંગ્લીશ દારૂના દરોડા પાડી કુલ નાની-મોટી ૭૦ બોટલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે દારૂ પૂરો પાડનાર ત્રણ સપ્લાયરને ફરારી જાહેર કરવામાં આવ્યા છે.જામનગરમાં શંકરટેકરી વિસ્તારમાં કાદરી ચોકમાં રહેતો યુવરાજસિંહ બાલુભા કેર નામનો શખ્સ દારૂનું વેચાણ કરી રહયો હોય, તેવી બાતમીના આધારે પોલીસે તેમના રહેણાંક મકાન પર દરોડો પાડયો હતો. જ્યાં મકાનમાંથી ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂની તેમજ ૨૩ ચપટા મળી કુલ રૂા. ૧૯,૩૦૦ની કિંમતની ઈંગ્લીશ દારૂની નાની-મોટી ૪૦ બોટલ કબ્જે કરી હતી. દરોડા દરમિયાન આરોપી પોતાના ઘેર નહીં મળી આવતા પોલીસે તેમને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.ઉપરાંત જામનગરમાં સાત નાલા વિસ્તારમાં મહાનગરપાલિકાના પાણીના ટાંકા પાસે રહેતો વિપુલ દલુભાઈ ધારાણી અને લાખાભાઈ દલુભાઈ ધારાણી નામના બે બંધુઓએ પોતાના વાડામાં ઈંગ્લીશ દારૂ સંતાડયો હોવાની બાતમી પોલીસને મળી હતી. જેથી સ્થળ પર જઈ દરોડો પાડતા વાડામાંથી રૂા. ૬૦૦૦ની કિંમતની ઈંગ્લીશ દારૂની ૧૨ બોટલ મળી આવી હતી. જેથી મુદામાલ સાથે વિપુલ ધારાણીની પોલીસે ધરપકડ કરી હતી. જ્યારે બીજો શખ્સ લાખાભાઈ ધારાણી સ્થળ પર નહીં મળી આવતા તેઓને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે. આ ઉપરાંત જામનગરમાં સરૂ સેકશન રોડ પર એસવીઈટી કોલેજ સામે રહેતો સુનિલ ઉર્ફે સુનિયો રમેશભાઈ દેગામા નામના શખ્સની તલાશી લેતા તેના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂની ૩ બોટલ મળી આવતા તેની અટકાયત કરવામાં આવી છે.જ્યારે લાલપુર તાલુકાના ગલા ગામે રહેતો જયેન્દ્રસિંહ ઉર્ફે જયુભા દિલુભા જાડેજા નામનો શખ્સ દારૂનું વેચાણ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે તેને ઝડપી લઈ તલાશી લેતાં તેમના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂની ૧૫ બોટલ મળી આવી હતી. આથી પોલીસે મુદામાલ સાથે આરોપીની ધરપકડ કરી હતી.


# જામનગર જુગારના ૬ દરોડામાં ૧૬ શખ્સો ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, લાલપુર, જામજોધપુર અને કાલાવડમાં જૂગારના ૬ દરોડામાં ૧૬ શખસોને પોલીસે ઝડપી લઈને રોકડ અને જૂગાર રમવાનું સાહિત્ય કબ્જે કર્યુ છે.જામનગર શહેરના દરબારગઢ સર્કલમાં જાહેરમાં એકી-બેકીનો જૂગાર રમતા બીરજુ રાજુભાઈ ડાભી અને આશીફ ઈશાકભાઈ દલને રોકડ રૂ.૮૭૦ સાથે, શહેરના અંધાશ્રમ બોમ્બે દવા બજાર પાસેથી એકી-બેકીનો જૂગાર રમતા જીતુભા ઈન્દ્રજીતસિંહ ગોહીલ અને અવીનાશ તુલારામ જમોરીયાને રોકડ રૂ.૨૨૬૦ સાથે, કાલાવડમાં ટોડા સોસયાટીની પાછળ બાવળની ઝાડીમાં જૂગાર રમતા મંગા લાખાભાઈ ચંદ્રપાલ, સોમા અમરાભાઈ ચંદ્રપાલ, વાલજી મેઘાભાઈ કાકરીયા, રામજી ચકુભાઈ ચંદ્રપાલ અને અરજણ ભીખાભાઈ કાકરીયાને રોકડ રૂ.૧૨૩૦ સાથે, લાલપુર તાલુકાના રીંજપર ગામમાંથી અરજણ નાથાભાઈ વસરા, મુકેશ ભીખાભાઈ ઈન્દરીયા, મેરામણ મુરૂભાઈ વસરા, મુકેશ દાનાભાઈ મહીડા અને ભીખા અરશીભાઈ વસરાને રોકડ રૂ.૧૦,૧૫૦ સાથે અને ભણગોર ગામમાંથી વર્લીમટકાનો જૂગાર રમતા હીતેશ સુભાષભાઈ માણાવરીયાને રૂ. ૬૦૦ સાથે, જામજોધપુર તાલુકાનાજીણાવરી ગામમાંથી વર્લી મટકાનો જૂગાર રમતા ધર્મેશ જેશાભાઈ કારેણાને રોકડ રૂ.૭૨૦ સાથે પોલીસે ઝડપી લીધા છે.

# મોરબી રાજપૂત કરણી સેનાના પ્રમુખની રૂપાલાને ચીમકી:ટંકારામાં સભા કે રેલી કરીને બતાવે



**મુખ્ય સમાચાર, મોરબી**

કેન્દ્રીય મંત્રી અને રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા સામે હજુ પણ ક્ષત્રિય સમાજમાં આક્રોશ યથાવત છે. સૌરાષ્ટ્રસહિત ગુજરાતભરમાં કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે મોરબી રાજપૂત કરણી સેનાના પ્રમુખ દ્વારા રૂપાલાને ચીમકી ઉચ્ચારવામા આવી છે.

ગુજરાતમાં રૂપાલા સામેનો ક્ષત્રિયોનો વિરોધ શાંત પડવાને બદલે સતત વધી રહ્યો છે. રાજકોટ બેઠકના લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની મહિલા માટે કરેલા વિવાદિત નિવેદનથી સમગ્ર સમાજમાં રોષ છે. વિવાદ અને વિરોધનો વંટોળ થંભવાનું નામ નથી લેતો. આ તમામ વિવાદ વચ્ચે ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા માટે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને મેદાને ઉતાર્યા હતા. તેઓ ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરીને મામલે સમાધાન લાવવાનો પ્રયાસ કર્યો હતો, અને મુદ્દે જ ગોંડલના શેમળામાં એક બેઠક યોજાઇ હતી. ક્ષત્રિય સમાજના આગેવાનો અને ભાજપના પૂર્વ ધારાસભ્ય અને લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા આ બેઠકમાં ઉપસ્થિત હતા અને જયરાજસિંહ જાડેજા આ મામલાને થાળે પાડવાની કોશિશ કરી હતી. જો કે જયરાજસિંહની આ કોશિશ સામે ક્ષત્રિય સમાજ નારાજ થયો હતો, અને આગળ લડત આપવાનું ચાલુ રાખ્યુ છે. ત્યારે હવે મોરબી રાજપૂત કરણી સેનાના પ્રમુખ મેદાને આવ્યા છે અને તેમણે પરસોત્તમ રૂપાલાને ચેતવણી આપી દીધી છે. મોરબી રાજપૂત કરણી સેનાના પ્રમુખ જયદેવસિંહ જાડેજા દ્વારા રૂપાલાને ચેતવણી આપી છે કે, જો તેમનામાં હિંમત હોય તો મોરબી જિલ્લાના ટંકારામાં સભા કે રેલી કરીને બતાવે તેનો એકપણ કાર્યક્રમ નહિ થવા દઈએ અને તેના માટે અમારે ગમે કરવે પડે અમે કરીશું જેલ ભરો આંદોલન કરવું પડે તો પણ અમે કરીશું તેવી ચીમકી ઉચ્ચારી છે.

# નવયુગ બી.એડ્ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા ટીંબળી પ્રાથમિક શાળાની મુલાકાત લીધી



**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન દ્વારા તાલીમાર્થીઓ ના સર્વાંગી વિકાસને લગતા કાર્યક્રમો અવિરત થતા જ હોય છે. જેના દ્વારા તાલીમાર્થીઓ ને તેમના અંગત તેમજ વ્યવસાયિક જીવનમાં સતત પ્રેરણા મળ્યા કરે છે. તાલીમાર્થીઓ નો તમામ પ્રકારનો વિકાસ થાય તે હેતુ થી સંસ્થાના પ્રમુખશ્રી પી. ડી. કાંજીયાસાહેબ સતત કાર્યશીલ રહે છે અને તે માટે જે તેઓ હંમેશા નવીનત્તમ કાર્યક્રમોનું આયોજન કરતા રહે છે.

આવા ઉત્તમ હેતુ સાથે બી.એડ્ ડીપાર્ટમેન્ટના તાલીમાર્થીઓ માટે તારીખ ૨૦ માર્ચ ૨૦૨૪ ના રોજ ટીંબળી (ધરમપૂર) ખાતે ટીંબળી પ્રાથમિક શાળા ની મુલાકાતનું આયોજન કરેલ તેમાં તાલીમાર્થીઓએ શાળાની મુલાકાત દરમિયાન પ્રજ્ઞાવર્ગ, પ્રાર્થના સભા, વિજ્ઞાનની પ્રયોગશાળા, ઓફીસ જેવા તમામ વિભાગોની મુલાકાત લીધી હતી તે દરમિયાન શાળાના આચાર્યશ્રી અશોકભાઈ જાવિયા, ઈછ્છી રાજેશભાઈ ઘોડાસરા સાહેબ, કમલેશભાઈ દલશાણીયા દ્વારા તાલીમાર્થીઓને શાળા દફતર વર્ગ ખંડ વ્યવહાર અને વર્ગખંડ ટેકનોલોજી અંગે સવિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ શાળાના તમામ શિક્ષક મિત્રો દ્વારા ઉત્તમ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તમામ વિભાગોની મુલાકાત બાદ બી.એડ્ ના અભ્યાસક્રમમાં આવતા રજીસ્ટરો અને પત્રકોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી અને તાલીમાર્થીઓને પ્રેક્ટીકલ નોલેજ પુરૂ પાડવામાંઆવ્યુંહતું.

# મોરબી સીટી બી. ડિવિઝન પોલીસની કાર્યવાહી:ઈંગ્લીશ દારૂની ૨૧૨ બોટલ સાથે એકની અટકઃ અન્ય બે આરોપીના નામ ખુલ્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે મોરબી-૨ વિસ્તારના પીપળી રોડ રોયલ પાર્ક પાસેથી પૂર્વ બાતમીને આધારે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી બોટલ નંગ ૨૧૨ સાથે એક શખ્સને દબોચી લેવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં અન્ય બે આરોપીઓના નામ ખુલતા તેને ફરાર દર્શાવી ત્રણેય આરોપીઓ સામે પ્રોહી.એક્ટનો ગુનો નોંધી ફરાર આરોપીઓને શોધવા તપાસ ચલાવી છે.

મોરબી-રાજકોટ રેન્જ આઇજી દ્વારા લોકસભા ચુંટણી અનુસંધાને સ્પે. પ્રોહીબીશન ડ્રાઇવનુ આયોજન કરેલ હોય જે અંગે મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠીની સુચનાથી તેમજ નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલાના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં દારૂ તથા જુગારની બદી દુર કરવા આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરતા ઈસમોને પકડી પાડી પોલીસ કેસ શોધવાની સુચના આપેલ હોય જે અન્વયે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથક સ્ટાફ પ્રયત્નશીલ હોય ત્યારે બી ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમિયાન મોરબીના પીપળી રોડ રોયલ પાર્ક નજીકથી આરોપી વિપુલભાઇ લીંબાભાઇ કટેશીયા ઉવ.૩૫ રહે. શાંતિનગર સોસાયટી ગામ પીપળી મુળરહે. રાજકોટ જીલ્લાના ગુંદાળા ગામને વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી ૨૧૨ નંગ બોટલ કિ.રૂ.૪૦,૭૨૫/-સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

આ સાથે પકડાયેલ આરોપીની સઘન પૂછપરછમાં વિદેશી દારૂના કાળા કારોબારમાં અન્ય બીજા બે આરોપી પ્રવીણભાઇ સીવાભાઇ જોગરાજીયા હાલરહે-શાંતીનગર સોસાયટી પીપળી મૂળગામ-ગુંદાણા તા.વીંછીયા જી.રાજકોટ તથા વિપુલભાઇ મનસુખભાઇ ધલવાણીયા હાલરહે- શાંતીનગર સોસાયટી પીપળી મૂળગામ-મોટામાત્રા તા.વીંછીયા જી.રાજકોટના નામ ખુલતા તેઓને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરની એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે સિગ્નેચર કેમ્પેઈનનો કાર્યક્રમ યોજાયો






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકશાહીના રાષ્ટ્રીય પર્વ લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લામાં મતદાન અને મતદાર જાગૃતિ ઝૂંબેશ ચાલી રહી છે ત્યારે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન(SVEEP) એક્ટીવીટી અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન હેઠળ જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજ ખાતે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું હતું.જેમાં એમ.પી. શાહ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ મતદાન માટેના બોર્ડ પર પોતાના નામની સહી કરી મતદાન કરવા અંગેના સંકલ્પ લીધા હતા.આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# પુત્રની યુવતી સાથેની મિત્રતાના કારણે રિક્ષાચાલક પિતા પર કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક રિક્ષાચાલકને લીમડા લેનથી દરેડ જીઆઈડીસીમાં મૂકી જવાનું કહી ચાર શખ્સ મુસાફરના સ્વાંગમાં બેસી ગયા પછી દરેડમાં રિક્ષાચાલકને પાંચ શખ્સે ધોકાવી હાડકા ભાંગી નાખ્યા હતા. રિક્ષાચાલકના પુત્રની એક યુવતી સાથેની મિત્રતા ખટકતા હુમલો કરાયાનું ફરિયાદમાં જણાવાયું છે.જામનગરના નવાગામ ઘેડમાં આવેલી મિલન સોસાયટીમાં રહેતા અને રિક્ષા ડ્રાઈવીંગનો વ્યવસાય કરતા જયેન્દ્રસિંહ ફતેસિંહ મહિડા લીમડા લેનમાંથી રિક્ષા લઈને જતાં હતા. આ વેળાએ મોબાઈલની એક દુકાન પાસે ઉભેલા ચાર શખ્સે તેઓને હાથ બતાવી ઉભા રખાવ્યા હતા.

આ શખ્સોએ દરેડ જીઆઈડીસીમાં એપલ ગેઈટ નજીક ગુજરી બજારમાં જવું છે તેમ કહેતા રૂ.૨૦૦ ભાડા પેટે ઠરાવવામાં આવ્યા હતા. તે પછી આ મુસાફરોને મુકવા માટે જયેન્દ્રસિંહ નીકળ્યા હતા. તેઓ જ્યારે ગુજરી બજાર મેદાનમાં પહોંચ્યા ત્યારે ત્યાં ઉતરીને મુસાફર તરીકે આવેલા ચારેય શખ્સ અને મુન્ના ઢીંગી નામના પાંચમા શખ્સે ધોકા, પાઈપથી હુમલો કરી જયેન્દ્રસિંહને આડેધડ માર માર્યો હતો. ફ્રેક્ચર સહિતની ઈજા પામેલા રિક્ષાચાલકને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

તેઓએ આ બાબતની પોલીસમાં ફરિયાદ નોંધાવી તેમાં જણાવ્યું છે કે, તેમના પુત્ર ગિરીરાજ અને હુમલાખોર પૈકીના એકની પુત્રી વચ્ચે મિત્રતા છે. તે બાબત નહીં ગમતા ખાર રાખી જયેન્દ્રસિંહને રીક્ષામાં દરેડ જીઆઈડીસી મૂકી જવાનું કહી આ શખ્સોએ કાવતરૂ રચ્યા પછી મુસાફરના સ્વાંગમાં બેસેલા શખ્સો અને મુન્ના ઢીંગીએ માર મારી એક હાથમાં તથા પગમાં ફ્રેક્ચર કર્યા છે. પોલીસે આઈપીસી ૧૨૦ (બી), ૧૪૩, ૧૪૪, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, જીપી એક્ટની કલમ ૧૩૫ (૧) હેઠળ ગુનો નોંધ્યો છે.

# મોરબીના વીસીપરા વિસ્તારના રહેણાંકમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપી લેતી ક્રાઇમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વીસીપરાના કુલીનગરમાં આવેલ રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી ૬૮ બોટલ તથા બિયરના ૯૬ નંગ ટીન સહીત રૂ.૨૫,૭૩૫/-ક્ષજ્ઞ મુદામાલ કબ્જે લીધો હતો. દરોડા દરમિયાન આરોપી હાજર મળી આવેલ ન હોય જેથી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાં કર્યા છે.

મળતી માહિતી અનુસાર મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમને બાતમી મળેલ હતી કે વીસીપરા કુલીનગર-૨ માં લાલો રસુલભાઈ જેડા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે જે મળેલ બાતમીને આધારે કુલીનગર-૨ માં રેઇડ કરતા રહેણાંકમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી ૬૮ નંગ બોટલ રૂ. ૧૬,૧૩૬/-તથા બિયરના ૯૬ નંગ ટીન રૂ.૯,૬૦૦/- એમ કુલ મળી કિ.રૂ.૨૫,૭૩૫/-નો મુદામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. બીજીબાજુ ક્રાઇમ બ્રાંચની રેઇડ દરમિયાન આરોપી લાલો રસુલભાઇ જેડા રહે.મોરબી વીશીપરા કુલીનગર-૨ સ્થળ ઉપર હાજર મળી ન આવતા તેને ફરાર દર્શાવી મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. હેઠળ ગુનો નોંધાવી આરોપીને પકડવા શોધખોળ શરુ કરી છે.

# મોરબી સિવિલ હોસ્પિટલમાં સીટી-સ્કેન મશીન ઘણા સમયથી બંધ, અનેકવાર ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા છતા જેમનું તેમ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન છેલ્લા દોઢ થી બે વર્ષથી શોભાના ગાંઠીયા સમાન બંધ હાલતમાં છે. બંધ સીટી-સ્કેન બાબતે સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્રને, આરોગ્ય મંત્રીને, ધારાસભ્યને તેમજ આ સાથે જોડાયેલ તમામ લેવલ સુધી અનેક રજૂઆતો કરી પરંતુ કોઈ પરિણામ આવ્યું નથી કે કોઈ આગળ આવ્યું નથી. જેના પરિણામ સ્વરૂપે સિવિલમાં આવતા દર્દીઓને ગાંઠના પૈસે બહાર સીટી સ્કેન કરાવવું જવું પડતું હોય છે.

આ માટે મોરબીના સામાજિક કાર્યકર રાજુભાઈ દવે તથા જગદીશભાઈ બામણીયા દ્વારા જણાવાયું હતું કે મોરબી સીરામીક સીટી તરીકે ઓળખાય છે ત્યારે સીરામીક કારખાનામાં કામ કરતા મજૂરો, ગરીબ માણસોને સીટી સ્કેન માટે આવવું પડતું હોય ત્યારે મોરબી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષથી સીટી સ્કેન બંધ હાલતમાં હોય જે બાબતે સિવિલ હોસ્પિટલ અધિક્ષકને અનેક વખત રજૂઆત કરી છે તેમજ મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતીયાને પણ આ બાબતે રજૂઆત કરી હતી તથા આરોગ્યમંત્રીને પણ રજૂઆત કરી છે પરંતુ નિંભર તંત્ર દ્વારા સીટી સ્કેન મશીન રિપેરિંગ કરવા કોઈ આવશ્યક પગલાં લેવામાં આવ્યા નથી. અંતે હાલાકી દર્દીઓને ભાગે આવે છે, સિવિલ હોસ્પિટલમાં આવેલ દર્દીઓને સીટી સ્કેન કરવાની જરૂરિયાત જણાય તો તંત્ર દ્વારા મોરબીની ખાનગી હોસ્પિટલની પર્ચી બનાવી આપવામાં આવે છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે નવું સીટી સ્કેન મશીનને મંજૂરી મળી ગયી હોવા છતાં તંત્રની બેદરકારીને હિસાબે કે પછી અન્ય કોઈ વહીવટના હિસાબે કેમ નવું સીટી સ્કેન મશીન મુકવામાં નથી આવતું એ સવાલના જવાબમાં યંત્ર દ્વારા માત્રને માત્ર આશ્વાશન અને બહાના સિવાય કશું મળતું નથી. ત્યારે હવે ક્યારે મોરબી સિવિલમાં નવું સીટી સ્કેન મશીન આવે તે આવનારા સમયમાં જોવું રહ્યું.

# મોરબીની બક્ષી શેરીમાં સામાન્ય બાબતે શિક્ષક ઉપર ત્રણ માથાભારે શખ્સોનો હુમલો

## શિક્ષકના ૯૨ વર્ષીય દાદીમાને માર માર્યો, ત્રણેય વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગ્રીન ચોક નજીક આવેલ બક્ષી શેરીમાં પસાઈડમાં ઉભા રહી ફોનમાં વાત કરવાની શેરી તારા બાપની નથીથ તેમ કહી માથાભારે શખ્સે શિક્ષકને ગાળો આપી અન્ય બીજા શખ્સોને બોલાવી શિક્ષકને બેફામ માર માર્યો હતો, ત્યારે વચ્ચે બચાવવા આવેલ શિક્ષકના ૯૨ વર્ષીય દાદીમાને પણ આ અસામાજિક તત્વો દ્વારા લાત મારી પાડી દીધેલ હોય ત્યારે બંને દાદી-દીકરાને મૂઢ માર મારી ત્રણેય શખ્સો નાસી ગયા હોય. સમગ્ર બનાવ મામલે મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં ત્રણેય આતંકી શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી કન્યા છાત્રાલય રોડ ઉપર આવેલ ચંદ્રેશનગરમાં રહેતા મયુરભાઈ મનહરલાલ દવે ઉવ.૨૯ પોતાના ફૈબાને ઘરે તેના ગ્રીન ચોક નજીક આવેલ બક્ષી શેરીમાં મુકવા ગયા હોય ત્યારે બક્ષી શેરીમાં ઘરે મૂકીને ઘરની બહાર સાઈડમાં ઉભા રહી ફોનમાં વાત કરતા હોય ત્યારે બક્ષી શેરીમાં જ રહેતા આરોપી મેહુલ પીઠડીયા પોતાના મોટરસાયકલ ઉપર ત્યાંથી નોઇકલયો અને મયુરભાઈ સાઈડ ઉભા હતા તેની એકદમ નજીકથી મોટર સાયકલ ચલાવી કહેલ કે સાઈડમાં ઉભા રહી ફોનમાં વાત કરવાની શેરી તારા બાપની નથી તેમ કહી આરોપી મેહુલ પીઠડીયાએ મયુરભાઈ સાથે બોલાચાલી કરી માર મારવા જતો હોય તેથી મયૂરભાઈએ તેનો હાથ પકડી લીધો ત્યારે આરોપી ત્યાંથી ચાલ્યો ગયો અને ત્યારબાદ આરોપી મેહુલ તેના ભાઈ તથા અન્ય એક અજાણ્યા શખ્સ સહીત આવી મયૂરભાઈને ગાળો આપી બેફામ ઢીકાપાટુનો માર મારવા લાગેલ ત્યારે મયુરભાઈ દ્વારા બુમાબુમ કરતા તેને વધુ મારથી છોડાવવા મયૂરભાઈના દાદી વચ્ચે બચાવવા આવતા આરોપી મેહુલ પીઠડીયાએ ૯૨ વર્ષીય વૃધ્ધાને કમરના ભાગે લાત મારી નીચે પછાડી દીધા હતા. ત્યારે આજુબાજુના વધુ લોકો એકત્ર થઇ જતા ત્રણેય આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા. હાલ મયુરભાઈ અને તેના દાદી મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં હોય જ્યાં તેઓને મૂઢ ઈજાઓ માટેની પ્રાથમિક સારવાર લીધી હતી.

સમગ્ર બનાવ બાબત મયુરભાઈ દવે દ્વારા આરોપી મેહુલભાઈ દીલીપભાઈ પીઠડીયા, કરનભાઈ દીલીપભાઈ પીઠડીયા તથા એક અજાણ્યો માણસ એમ ત્રણ વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપી સામે આઇપીસીની કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪,૧૧૪મુજબ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવાગામ પાસે યુવાનનો ગોડાઉનમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુવાડવા પાસે આવેલા નવાગામમાં ન્યારા પેટ્રોલ પંપની સામે પોતાના ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં જ યુવાને ઝેરી દવા પી જઈ આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પીટલે ખસેડાયો છે. આ બનાવની જાણ થતા કુવાડવા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

નવાગામમાં રહેતા અને ન્યારા પેટ્રોલ પંપની સામે ડીપીએ ગોડાઉન ધરાવતા લાલો ઉર્ફે આનનદ સુલતાન પલારીયા (ખોજા) (ઉ.વ.૨૧)એ ગોડાઉનમાં જ કોઈ ઝેરી દવા પી જતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યો છે. આનંદ બે ભાઈમાં મોટો છે. પોતે ટ્રાન્સપોર્ટનું ગોડાઉન ધરાવે છે. પોતે જીંદગીથી કંટાળી જતા આ પગલું ભરી લીધું હતું. જો કે ત્યાં માણસોએ જોઈ જતા તેમને સારવાર અર્થે સિવિલમાં ખસેડાયો હતો. આ બનાવ અંગે કુવાડવા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# જામનગર રોડ પર અજાણ્યા વાહનની ઠોકરે રાહદારીનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર-રાજકોટ હાઈવે પર ઈસ્કોન મંદિરની સામે રોડ ક્રોસ કરવા જતાં વૃધ્ધાને અજાણ્યા વાહન ચાલકે ઠોકર મારીને મોત નિપજાવીને નાશી છુટયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ જામનગર-રાજકોટ હાઈવે પર સુરભીકુંજ શિવ રેસીડેન્સી રોડ ઈસ્કોન મંદિરની બાજુમાં રહેતા સુમનબેન અભીમન્યુભાઈ પવાર નામના મરાઠી વૃધ્ધા ગત તા.૩૧ના રોજ ઈસ્કોન મંદિરથી નિકળીને રણજીતનગર જવા માટે રોડ ક્રોસ કરતા હતાં. ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવીને વૃધ્ધાને હડફેટે લઈ રોડ ઉપર પછાડીને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચાડીને સ્થળ પર જ મોત નિપજાવીને નાશી છુટયો હતો.બનાવની જાણ થતાં મૃતકના પુત્ર સતીષભાઈ અભીમન્યુભાઈ પવાર તેમજ લોકો એકઠા થઈ ગયા હતાં. પોલીસને જાણ કરતાં પંચકોશી એ ડિવિઝનના પીએસઆઈ એ.કે.પટેલ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહનો કબ્જો સંભાળીને પીએમ માટે મોકલી દીધો હતો.

## મોરબી રોડ પર બાઈક સાઈડમાં લેવા બાબતે યુવતી પર મહિલા સહિતના શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

શહેરમાં મોરબી રોડ ઉપર જકાતનાકા પાસે સ્કૂટર સાઈડમાં લેવા મુદ્દે યુવતી ઉપર કાર સવાર મહિલા સહિતના શખ્સોએ ઝઘડો કરી માર માર્યો હતો. યુવતીને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.મોરબી - રોડ ઉપર જકાતનાકા પાસે ધ્રુવીબેન પ્રતાપભાઈ રાઠોડ નામની ૧૮ વર્ષની - યુવતી બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘર નજીક હતી ત્યારે અજાણી મહિલા સહિતના શખ્સે ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. યુવતીને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં ધ્રુવીબેન રાઠોડ ઘરનો સામાન બદલતી હતી ત્યારે સ્કૂટર ઉપર સામાન હોવાથી તે સ્કૂટર લઈને ઉભી હતી તે દરમિયાન ધસી આવેલી કાર સવાર મહિલા સહિતના શખ્સોએ સ્કૂટર સાઈડમાં લેવા મુદ્દે ઝઘડો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

# શ્રી ભુમંગલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આજે કલા-સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

## મોડેલ સ્કૂલ અને નિજાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ કલા સાથે શ્રી રત્નગાથાનું ગાન કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના શ્રી ભુમંગલ એજ્યુકેશ ટ્રસ્ટની મોડેલ સ્કૂલ અને નિજાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા આજે પ્રમુખ સ્વામી ઓડીટોરિયમ ખાતે કલા, સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો પીરસવામાં આવશે સાથે શ્રી રામ ગાથાનું ગાન પણ વિદ્યાર્થીઓ કરશે. 'એક આવિષ્કાર' શિર્ષક હેઠળ યોજાનાર આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા, અતિથિ વિશેષ તરીકે રાજ્યના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, માજી સાંસદ રમાબેન માવાણી, રાજકોટ સ્ટેટ કુમાર સાહેબ રણશુરવીરસિંહજી જાડેજા હાજરી આપશે. આ કાર્યક્રમમાં પધારવા ગુજરાત આદિવાસી મહિલા પ્રમુખ રંજનબેન ચૌહાણ અને શાળાના આચાર્ય ભાવનાબેન લીડીયા તથા સમસ્ત શિક્ષણગણે આમંત્રણ પાઠવ્યું છે.

# ગાયત્રી પાર્કમાં ભાઈના વિયોગમાં પરિણીત બહેનનો ગળાફાંસો ખાઈ આપઘાત

## મહિલાએ જીવન ટુંકાવી નાખતા માસુમ પુત્રએ માતાની છત્રછાયા ગુમાવીઃ પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલા ગાયત્રી પાર્કમાં રહેતી પરિણીતાએ નાના ભાઈના વિરહમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો પરિણીતાના મોતથી માસુમ પુત્રએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.

આ અંગેની માહિતી મુજબ યુનિવર્સિટી રોડ ઉપર આવેલા ગાયત્રી પાર્કમાં રહેતી જલ્પાબેન મેહુલભાઈ સાવલિયા નામની ૩૪ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી પરિણીતાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક જલ્પાબેન લોધીકા માવતર ધરાવે છે અને જલ્પાબેન સાવલિયાને સંતાનમાં એક પુત્ર છે કોરોના કાળ સમયે નાના ભાઈનું અવસાન થયું હતું જેના વિયોગમાં જલ્પાબેન સાવલિયાએ ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકના એએસઆઈ યશવંતભાઈ ભગત અને જયશ્રીબેન ડાંગર સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# વામ્બે આવાસના કવાર્ટરમાં યુવાને અને ગંજીવાડામાં સગીરે ફીનાઈલ ગટગટાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં કાલાવડ રોડ પર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા યુવાને પત્ની સાથે ઝઘડો થતા ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લથડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા અજય જોરુભાઈ ભુરીયા નામનો ૨૪ વર્ષનો યુવાન રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો. ત્યારે ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં અજય ભુરીયા અને તેની પત્ની રીધ્ધીબેન વચ્ચે નજીવા પ્રશ્ને ઝઘડો થતા તેને લાગી આવતા ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં ગંજીવાડામાં રહેતા આયુષ મહેશભાઈ ચાવડા નામનો ૧૭ વર્ષનો સગીર પોતાના ઘરે હતો. ત્યારે કોઈ અગમ્ય કારણસર ફિનાઈલ પી લીધું હતું. આયુષ ચાવડાને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉમિયા ચોક પાસે બેકાબુ કારે બાઈકને ઠોકરે ચડાવતા કોલેજીયન યુવાનને ગંભીર ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર મવડી ચોકડીથી ઉમિયા ચોક તરફ જવાના રસ્તે બેફામ આવેલી કારે એકસેસને ઉલાળતા તેમના ચાલક યુવકને ઈજા થતાં તેમને ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા રોડ પર ગોવિંદનગરમાં રહેતા બેનીમ પંકજભાઈ ઠુમ્મર (ઉ.૨૨) ગઈખાલે રાત્રિનાં એકાદ વાગ્યે મવડી ચોકડીથી કોઠારીયા બાજુ પોતાનું એક્સેસ લઈને જતો હતો ત્યારે પુરઝડપે આવેલા વોકસવેગન કારના ચાલકે એક્ટિવાને ઉલાળતા ચાલક બેનીમને ઈજા થતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે.

બેનીમ મારવાડી કોલેજમાં સોફ્ટવેર એન્જિનિયરીંગનો અભ્યાસ કરે છે. તેમજ ગઈકાલે તે મવડી ચોકડી નજીક આવેલી ઓફિસ પરથી ઘરે પરત ફરતો હતો ત્યારે આ અકસ્માતની ઘટના બની હતી. આ મામલે અકસ્માત સર્જનાર કારનો ચાલક કાર રેઢી મુકી નાસી ગયો હતો. તેમની સામે માલવીયા પોલીસના સ્ટાફે ગુનો નોંધવા તજવીજ શરૂ કરી છે.

# લફરાબાજ પતિએ પત્નીને મારમારી ધમકી આપતા મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ગીરનાર સોસાયટીમાં બંસીધર ચોકમાં રહેતા ભારતીબેન ડાભી ઉ.૪૦એ મૂળ ભાયાવદરના હાલ રાજકોટમાં રહેતા તેના પતિ રમેશભાઈ સવજીભાઈ ડાભી સામે મારકૂટ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણીના લગ્ન ૨૫ વર્ષ પૂર્વે થયા છે બે દીકરી સાસરે છે પોતે હાલ છ મહિનાથી ૧૯ વર્ષીય પૂત્ર સાથે અલગ રહે છે લગ્ન બાદ ભાયાવદર રહેવા ગઈ હતી છેલ્લા સાતેક વર્ષથી અમે રાજકોટ સ્થાયી થયા છીએ રાજકોટ આવ્યા બાદ પતિ ત્રાસ આપતા હોવાથી લલ માર્ચ ૨૦૧૧ના રોજ ફરિયાદ કરી હતી જે કેસ કોર્ટમાં ચાલી જતા ૨૯ ડીસેમ્બર ૨૦૧૧ના ઓજ પતિ સાથે સમાધાન થઈ ગયું હતું તે પછી ગોકુલધામ આવાસ ક્વાટરમાં રહેતા હતા પતિને ઈલાબેન તથા ગીતાબેન નામની મહિલા સાથે મિત્રતા થઇ જતા ઘર ખર્ચ આપતા નહિ અને શારીરિક માનસિક ત્રાસ આપતા હતા જેથી અમે છ માસથી અલગ રહીએ છીએ આવાસ યોજના કવાટરનું ફોર્મ ભરવું હોય જેથી મુકતમેઘ એપાર્ટમેન્ટમાં નીલેશભાઈની ઓફિસે પતિની બેઠક હોય ત્યાં રાશનકાર્ડ લેવા સવારે ગઈ ત્યારે પતિએ રાશનકાર્ડ આપી ગાળો દઈ ધક્કો મારી પછાડી દેતા ઈજા થઈ હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા પૂત્રએ બચાવી હતી અને ફરિયાદ નોંધાવી હતી.

# તુ અને તારી માં અમારા વિડિયો કેમ બનાવો છો, તેમ કહી યુવાન પર હીચકારો હુમલો

## જેતપુરના દેરડીધારના રસ્તે બનેલો બનાવઃ મહિલા સહિત આઠ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના નવાગઢ વિસ્તારમાં રહેતા કેતન ચંદુભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. ૨૯ માર્ચની રાત્રે આશરે પોણા અગિયાર વાગ્યાંના અરસામાં પોતાની મહિલા મિત્રને મુકવા જતો હતો તે દરમિયાન દેરડીધારના માર્ગે નાથીબેન વેગડા તથા તેની સાથે રવિ ઉર્ફે ગેંગો અને તુષાર ઉર્ફે ભુરીયો રાજપૂતે મામાદેવના મંદિરથી આગળ મોટરસાયકલ ઉભું રખાવી 'તું અને તારી માઁ અમારા વીડિયો બનાવો છો અને અમને તથા મારા ફઈ શારદાબેન ઉર્ફે કાળીબેન હમીરભાઈ વેગડાને બદનામ કરો છો તેવું કહી બેઝબોલના ધોકા વડે હુમલો કરેલ હતો.

તુષાર ઉર્ફે ભુરીયો અને રવિ ઉર્ફે ગેંગાએ યુવાનને પકડી રાખ્યો હતો અને નાથીબેનએ બેઝબોલના ધોકા વડે માથાના ભાગે ઈજા પહોંચાડેલ હતી. ઈજાગ્રસ્ત હાલતમાં યુવાન ગમે તેમ આ ત્રણેય ઈસમોની ચૂંગાલમાંથી છૂટી ગંજપીરની દરગાહ બાજુ દોડી જતાં ત્યાં અગાઉથી હાજર રહેલ રેખાબેન ઉર્ફે ઢફૂ લલિતભાઈ વેગડા અને તેની બહેન કાજલ તથા શાહરુખ તરખેશા એક ફોર વ્હીલ ગાડી પાસે ઉભા હતા. ત્રણે લોકોએ યુવાનને પકડી રાખ્યો હતો અને ઢફએ બેઝબોઝના ધોકા વડે બેથી ત્રણ ઘા માર્યા હતા. તેમજ કાજલે લાકડાના ધોકા વડે બેથી ત્રણ ઘા ફટકાર્યા હતા. આરોપીઓએ ધોકા વડે તેમજ ઢીંકા પાટુનો માર મારતા યુવાન જમીન પર ઢળી પડયો હતો. જે બાદ રબારીકાનો ભાભલુ બુલેટ લઈને આવ્યો હતો અને બુલેટના આગળના ટાયરથી વાસાના ભાગે ભટકાડી ઇજા પહોંચાડી હતી.ત્યારબાદ રેખા ઉર્ફે ઢફુએ કોઈક નંબર પર ફોન કરી કહ્યું હતું કે, 'કાળીફુઈ અમે કેન્યાને માર મારીને તોડી નાખેલ છે પણ તેની માઁ આવેલ નથી. બીજી વાર કેન્યાની માને જોઈ લેશું', જે બાદ આ શખ્સો સ્થળ પરથી નાસી જતાં કોઈક અજાણ્યા વ્યક્તિએ ૧૦૮ મારફત જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડયો હતો. પ્રાથમિક સારવાર બાદ યુવાનને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. મામલામાં પોલીસે મારામારી તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ કુલ ૮ શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ આદરી છે.

# મહીકા ગામના પાટીયા પાસે રિસામણે બેઠેલી પત્નીને તેડવા બાબતે યુવાન પર સાસરીયાઓનો હુમલો

## કુબલીયાપરામાં ભંગારના ધંધાર્થી યુવાન અને મહિલાને પાંચ શખ્સોએ ટીબી નાખ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ભાવનગર રોડ પર આવેલા મહિકા ગામના પાટીયા પાસે ઉભેલા કોળી યુવાન પર સાસરીયા પક્ષના સક્ષોએ રિસામણે બેઠેલી પત્નીને તેડવા બાબતે ઝઘડો કરી માર મારતા આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ મહીકા રોડ પર રાધિકા સોસાયટી શેરી નંબર ૨ માં રહેતો અને મંડપ સર્વિસ નું કામ કરતો અજય પ્રાગજીભાઈ સાકરીયા નામનો યુવાન ગઈકાલે મહીકા ગામના પાટીયા પાસે આવેલ કાઠીયાવાડી હોટલ સામે હતો ત્યારે તેની પત્ની રિસામણે બેઠી હોય જે બાબતે તેના મામા પત્રોતમભાઈ ભરાડીયા સાથે બોલાચાલી થઈ હોય જે બાબતનો ખાસ રાખી મામા પરષોત્તમભાઈ તેનો દીકરો પ્રકાશ પરસોત્તમ પરાડિયા વિજય ભરાડીયા અને બે અજાણ્યા સકસો સહિતનાઓએ ધોકા અને ભાઈ પડે હુમલો કરી માર મારતા સારવારમાં ખસેડવામાં આવ્યો હતો બનાવના પગલે આજીડેમ પોલીસ ને જાણ કરવામાં આવતા પીએસઆઇ એચ જે સોલંકી એ યુવાનની ફરિયાદ નોંધ તપાસ હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવવામાં રહેતો અને ભંગાર નો ધંધો કરતો નિર્મળ કરસન રાઠોડ નમનો યુવાન અને મંજુબેન પોતાના ઘર પાસે હતા ત્યારે સામેવાળા શાયર કિશન પરમાર અશોક કિશન પરમાર રસીલા પરમાર રીના પરમાર જયશ્રી અને અર્જુન પરિવાર તથા શ્રવણ પરિવાર સહિતના સાત શખ્સોએ ઝઘડો કરી લોખંડના પાઇપ અને ધોકા વડે માર મારી બીજા કરતાં થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પી.એસ.આઇ. એમ.એસ મહેશ્વરી સહિતના સ્ટાફે પ્રાથમિક તપાસ આ ધરી છે.

# વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં મહિલાના મોત પ્રકરણમાં કારખાનેદાર સામે બેદરકારીનો ગુનો નોંધાયો

## ગોંડલ રોડ પર ગંગોત્રી ચોક પાસે ઓનલાઈન ક્રિકેટનો સટ્ટો રમતો પંટર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે વાવડી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં કારખાના ની લિફ્ટમાં માથું ફસાઈ જતા મહિલાનું મોત નીપજિયાબાદ કારખાને દર્શાવે બેદરકારીની ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ સુત્રાપાડા તાલુકાના પ્રાચી ઘંટીયા ગામે રહેતી કૃપાબેન રમેશભાઈ દયાતર નામની ૨૪ વર્ષીય યુવતીએ તાલુકા પોલીસમાં કારખાનેદાર પિયુષ દેવચંદ ફુટ રહે કાઈ હાઈટ ગોવર્ધન ચોક ૧૫૦ ફૂટ રીંગ રોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈ તારીખ ૧૫ ૨ ના સવારના ૧૦:૩૦ વાગ્યાની આસપાસ વાવડી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલ મારુતિ ઇન્ડસ્ટ્રીઝ ની બાજુમાં એડિયન્સ એન્ટરપ્રાઇઝ નામના કારખાનામાં કામ કરતી તેની માતા ગીતાબેન કામ કરતી હતી ત્યારે લિફ્ટ માં માથું ઘસાઈ જતા તેનું મોત નીપજ્યું હોય આ બાબતે કારખાનાની લિફ્ટમાં માલિકે કોઈ સેફ્ટી ના સાધનો કે આ લિફ્ટને મેન્ટેન કે કોઈ યોગ્ય વ્યવસ્થા ન કરી હોય જેથી માનવ જિંદગી જોખમાઈ હોય જે બદલ આ ગંભીર બનાવવાની બેદરકારી સામે આવતા કારખાનેદાર સામે ગુનો નોંધાયો છે બનાવના પગલે પી.એસ.આઇ.કે એચારેણા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે અન્ય બનાવમાં માલવયા નગર પોલીસ મથકના હેડ કોસ્ટેબલ જે આર પરમાર કોન્સ્ટેબલ ભાવેશભાઈ ગઢવી સહિતના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન ગોંડલ રોડ પર દોશી હોસ્પિટલ ચોક પાસે ગંગોત્રી ચોક નજીકથી જાહેરમાં ઓનલાઈન ક્રિકેટનો રમતો ધવલ ભગવાનજી મારડિયા નમના પટેલ સકસ ને દબોચી લઈ મોબાઈલ સહિત રૂપિયા ૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિનો અનેરો પ્રયાસ

# જનસેવા કેન્દ્રના કાગળો તથા ગેસની બોટલ પર મતદાનના સંદેશ થકી લોકોને કર્યા જાગૃત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને વધુને વધુ નાગરિકો મતદાનમાં સહભાગી બને તે માટે મતદાર જાગૃતિલક્ષી નવતર પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે આગામી લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા માટે લોકોને પ્રોત્સાહિત કરવા ૭૧-રાજકોટ ગ્રામ્ય (અ.જા) વિ.મ.વિ કચેરીમાંથી કરવામાં આવતા જાવક તથા તાલુકા કક્ષાએથી જનસેવા કેન્દ્ર ખાતેથી આપવામાં આવતી સેવાઓના કાગળો ઉપર મતદાન કરવાની અપીલ કરતા સ્ટેમ્પ જેવા કે ''મતદાન મહાદાન'', '' મતદાન




અવશ્ય કરીએ'' લગાવી લોકોને મતદાન માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

ઉપરાંત, ઉપલેટા તાલુકામાં આવેલા ગેસ એજન્સીના ડિલિવરી વાહનમાં તથા ગેસની બોટલ પર મતદાન જાગૃતિનાં સ્ટીકર લગાવી ગ્રામજનોને પવિત્ર મતદાનની ફરજમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પણ મતદારો જાગૃત થઈ મતદાનની નૈતિક ફરજ બજાવે તે માટે ''સ્વીપ'' દ્વારા જાગૃતિલક્ષી કાર્યક્રમોના આયોજન કરવામાં આવી રહ્યા છે તેમ, સ્વીપના નોડલ તથા અધિક કલેકટર શ્રી જિજ્ઞાસા ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લાની અનેક શાળાઓમાં સ્વીપ પ્રવૃતિ અંતર્ગત મતદાતાઓને મતદાનના મહત્વ અંગે જાગૃત કરતું વિદ્યાર્થી જગત

## ચિત્ર, રંગોળી, મહેંદી, નાટક સહિતની વિવિધ પ્રવૃતિઓ થકી મતદાતાઓને મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરતાં સેન્ટ ગાર્ગી સ્કુલના વિદ્યાર્થીઓ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન તળે લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં જિલ્લામાં નોંધાયેલા દરેક મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પર્વમાં જોડાઈ તે માટે સ્વીપ પ્રવૃતિ અંતર્ગત મતદાર જાગૃતિ સંદર્ભે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

જિલ્લાની અનેક શાળાઓમાં પણ સ્વીપ પ્રવૃતિ અંતર્ગત મતદાન જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રવૃતિઓ થકી આગામી યુવાપેઢીમાં પણ મતદાનના મહત્વ અંગે સમજદારી આવે અને લોકોને પણ અચૂક મતદાન કરવાનું પ્રેરણાબળ મળે તે માટે વિદ્યાર્થી જગત વિવિધ પ્રવૃતિઓ થકી મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવી રહ્યું છે.

જે અન્વયે રાજકોટ શહેરની સેન્ટ ગાર્ગી સ્કુલ દ્વારા ચિત્ર, રંગોળી, મહેંદી, સ્લોગન, નિબંધ અને રંગોળી જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરીને મતદાન જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. લોકોને લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર જોડાવાની અપીલ કરીને Your Vote, Your Voice, My Vote, My Future જેવા સુત્રો સાથે રંગોળીઓ દોરીને પોતાના મતાધિકારનો અચૂક ઉપયોગ કરવા જણાવ્યું હતું. તેમજ વિદ્યાર્થીનીઓ દ્વારા હાથમાં મહેંદી મુકીને Vote For Better India નો સંદેશો આપ્યો હતો. વધુમાં વિદ્યાર્થીઓએ ''મતદાન જાગૃતિ'' વિષયક નાટ્ય કૃતિઓ પણ ભજવી હતી.

આમ, આગામી યુવાપેઢી હોંશભેર સ્વીપ પ્રવૃતિ અંતર્ગત મતદાન જાગૃતિસભર વિવિધ પ્રવૃતિઓમાં સહભાગી બનીને જિલ્લાના દરેક મતદાતાઓને અચૂક મતદાન કરવા માટેની અપીલ કરીને લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં પોતાનું યોગદાન આપી રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સામાકાંઠે ગંજીવાડામાં રેઢીયાળ ઢોરની ઢીંકે મૃત્યુ પામેલા યુવાનના પરિવારને રૂા.૧૩.૭૦ લાખ વળતર ચુકવવા હુકમ

## મહાનગરપાલિકાની બેદરકારીના કારણે યુવાનનું મોત થતા કોર્ટે વળતર ચુકવવા હુકમ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વર્ષ ૨૦૧૮માં રાજકોટના ગંજીવાડા વિસ્તારમાં બાઈક પર જતાં યુવકેને બિનવારસું ગાયે ઢીંક ચડાવતા યુવક રોડ પર પટકાયો હતો અને મોત નીપજ્યું હતું. રેઢિયાળ ઢોરની ઢીંકે યુવકના મોતના કેસમાં રાજકોટ મહાનગર પાલિકાને મૃતકના વારસદારોને રૂ.૧૩.૭૦ લાખ વળતર વ્યાજ સહિત ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસની વિગત મુજબ, ગઈ તા.૧૭-૮-૨૦૧૮ ના રોજ રાજકોટ મહાનગરપાલિકા છે વિસ્તારના ગંજીવાડામાં રહેતા મુકેશભાઈ ૭ મોહનભાઈ રાઠોડ (ઉ.વ.૪૦) નામનો ગંજીવાડા વિસ્તારમાં મહાકાળી : ચોક પાસે શેરીમાં પોતાનું મોટરસાયકલ લઈને પોતાના ઘર તરફ આવતા હતા ત્યારે ત્યાં રસ્તામાં શેરીમાંથી એક રખડતી ભટકતી ગાયએ આ યુવાનના બાઈકને



હડફેટે લઈ ઢીંક મારી પાડી દીધેલ. તેથી તેને તાત્કાલિક સરકારી હોસ્પિટલે સારવારમાં લઈ જતા તેને થયેલ ગંભીર ઇજાઓના કારણે તેઓનું મૃત્યુ થયેલ હતું. આ બનાવ પછી પરિણીત યુવાન રાત્રિના ૯ વાગ્યે બાઈક ચાલક યુવકના મૃત્યુ વળતર માટે પરિવારે મહાનગરપાલિકા વિરુદ્ધ કોર્ટમાં દાવો કર્યો'તો મૃતક મોહનભાઈના વિધવા પત્ની મીનાબેન મુકેશભાઈ તથા તેમના બે સગીર સંતાનોએ રાજકોટ મહાનગરપાલિકા, પોલીસ કમિશનર, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગૃહ સચિવ અને સરકારને કાયદેસરની નોટિસ આપી આ તમામ સત્તાવાળાઓની કાયદેસરની ફરજો બજાવવામાં નિષ્ફળતા બદલ અને મહાનગરપાલિકાની ઘોર બેદરકારી બદલ તેઓની વિરુદ્ધ શ. લસ,૨૨,૨૨૨ લાખનું નુકસાન વળતર મેળવવા રાજકોટની સિનિયર ૭ કોર્ટ સમક્ષ દીવાની દાવો દાખલ કરેલ હતો. ઉપરોક્ત દાવામાં વાદી પક્ષ અને પ્રતિવાદી પક્ષ તરફથી રજૂ થયેલ મૌખિક તથા બંને પક્ષકારોની દલીલ સાંભળી રાજકોટની એડિશનલ સિનિયર સિવિલ જજ આઈ. એમ. શેખની કોર્ટે મૃતક મુકેશભાઈના વારસદારોને દાવો મંજૂર કરી રૂપિયા ૧૩,૭૦,૦૦૦નું નુકસાન વળતર વ્યાજ સહિત ચૂકવવાનો હુકમ કર્યો છે. આ દાવામાં ફરિયાદી વતી વિદ્વાન સિનિયર વકીલ કે. બી. રાઠોડ રોકાયા હતા.

# રૂા.૧૨૦ કરોડના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલમાં ધાંધિયા યથાવતઃ ચાલુ લીફટ અધવચ્ચે અટકી જતા લોકો ફસાયા

## સિવિલના ખખડધજ વહીવટી તંત્રનો વધુ એક પુરાવો બહાર આવ્યોઃ વીજ પુરવઠો ખોરવાતા લીફટ અટકી હોવાનો તંત્ર વાહકોનો લુલો બચાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૨૦ કરોડના ખર્ચે રાજ્યની સૌથી ઉંચી જનાના હોસ્પિટલનું તાજેતરમાં વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યા બાદ નવી હોસ્પિટલમાં પણ પાણી બાદ હવે ચાલુ લિફ્ટ અચાનક બંધ થઈ જતાં પાંચ જેટલા નર્સિંગ સ્ટાફ ફસાઈ જતા હોસ્પિટલમાં દેકારો બોલી ગયો છે.

બપોરના સમયે હોસ્પિટલની સ્ટાફ માટેની લિફ્ટમાં અચાનક ફોલ્ટ થતા અધવચ્ચે પાંચ જેટલા કર્મચારીઓ ફસાઈ ગયા હતા. લિફ્ટમાં સ્ટાફ ફસાઈ ગયો હોવાનો દેકારો થતા હોસ્પિટલમાં દકોરો થતા તાબડતોબ અન્ય સ્ટાફ દોડી આવી






લિફ્ટનો દરવાજો ખોલ્યો હતો. અને તેમાં ફસાયેલ સ્ટાફને બહાર કાઢવામાં આવ્યો હતો. આ મામલે હોસ્પિટલના સુત્રોએ જણાવ્યું હતું કે, બપોરના સમયે વીજ પૂરવઠો ખોરવાઈ જવાના કારણે આ બનાવ બન્યો હતો.

સૌપ્રથમ નળ કનેકશન નહીં હોવાથી પાણી માટે કકળાટ થયા બાદ હોસ્પિટલનો મેડીકલ વેસ્ટના જાહેરમાં ઢગલા કરવામાં આવ્યા હતા. હવે નવી નક્કોર લિફ્ટમાં ફોલ્ટ આવતા કર્મચારીઓ ફસાઈ ગયા હતા.

# શહેરમાં પાંચ સ્થળોએથી વાહનોની ઉઠાંતરી કરનાર ટેણીયો ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં વધતા જતા વાહન ચોરીના બનાવો ને અટકાવવા અને લોકસભાની ચૂંટણી નજીક આવી રહી હોય જેના પગલે શહેરભરમાં વાહન ચેકિંગ સઘન બનાવવામાં આવ્યું હોય ત્યારે ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ એમએમ સરવૈયા ની સુચનાથી કોન્સ્ટેબલ પુષ્પરાજ સિંહ ગોહિલ તથા રાજદીપસિંહ જાડેજા સહિતનો સ્ટાફ કોઠારીયા રોડ પર પેટ્રોલિંગમાં જતા ત્યારે વિનોદભાઈ હોલ પાસે રોડ પર આવેલ સોમનાથ ટીટોલ પાસે એક તરૂણ



શંકાસ્પદ બાઈક સાથે નીકળતા પોલીસે તેને અટકાવી પૂછપરછ કરતા આશક છે તેના અન્ય ત્રણ સગીરો સાથે મળી શહેરના અલગ અલગ સ્થળોએથી પાંચ વાહનોની ઉઠાંત્રી કરી હોવાની કબુલાત આપતા પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપીને અટકાયતમાં લઈ પાંચ ચોરાવ વાહન કબ્જે કર્યા હતા

# રાજકોટમાં ખાનગી હોસ્પિટલની નર્સને લગ્નની લાલચ આપી શિક્ષકે આચર્યુ દુષ્કર્મ

## ઈન્સ્ટાગ્રામમાં અઢી વર્ષ પહેલાં પરિચય થતાં યુવતી સાથે ગાંધર્વ લગ્ન કરી શિયળ લૂંટતો રહ્યોઃ એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાતેક વર્ષથી રહી જુદી જુદી હોસ્પિટલોમાં નર્સ તરીકે નોકરી કરતી જસદણ પંથકની ૩૨ વર્ષીય યુવતીએ મૂળ જસદણ તાલુકાના કડુકા ગામનો અને હાલ છોટા ઉદેપુરના પાવી જેતપુર ખાતે રહી માલુ ગામમાં શિક્ષક તરીકે નોકરી કરતા સુરેશ ધનજીભાઈ આંધાણી સામે એ ડીવીઝન પોલીસ મથકમાં એટ્રોસિટી, દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી છે.




ફરિયાદમાં જણાવ્યું હતું કે અઢી વર્ષ પૂર્વે સુરેશ સાથે ઇન્સ્ટાગ્રામ મારફ્ત કોન્ટેક્ટ થયો હતો એકબીજાને ફોન નંબરની આપલે થતા વાતચીત કરતા હતા અને સુરેશ અલગ અલગ જગ્યાએ ફરવા લઇ જતો હતો તે દરમિયાન બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો બાદમાં ૨૭ મેં ૨૦૨૨ના રોજ ધર્મેન્દ્ર રોડ ઉપર આવેલ સીમરન હોટલમાં સુરેશ લઈ ગયો હતો ત્યાં ભગવાનના ફોટા સામે મંગળસૂત્ર પહેરાવી, સેથામાં સિંદુર પૂરી આજથી આપણે પતિ પત્ની છીએ સમાજમાં પણ લગ્ન કરી લઈશું કહી શરીર સંબંધ બાંધ્યો હતો બાદમાં ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ના પાવી જેતપુર બોલાવતા ત્યાં બે દિવસ રોકાઈ હતી ગત તારીખ ૩ મેં ૨૦૨૩ના સુરેશ રાજકોટ આવ્યો હતો અને ફરી સીમરન હોટલમાં લઇ જઈ લગ્નની વાતો કરી સંબંધ બાંધ્યો હતો થોડા દિવસ પછી આજી ડેમ ચોકડીએ આવેલ કેડીએમ હોટલમાં મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો ૧૩ નવેમ્બરના નોકરી પૂરી કરી ઘરે જતી હતી ત્યારે જસદણ બસ સ્ટેશને બોલાવતા ત્યાં જતા કારમાં બેસાડી કડુકા તેના નવા મકાને લઇ જઈ ત્યાં પણ શરીર સંબંધ બાંધ્યો હતો મેં તપાસ કરતા સુરેશને જ્યાં નોકરી કરે છે ત્યાં યુવતી સાથે સંબંધ હોવાનું જાણવા મળ્યું હતું ૩૦ નવેમ્બરના છોટા ઉદેપુર ખાતે જતા તેના પરિવારે સમજાવી ઘરે વાત કરવા કહી મને બહેનના ઘરેમૂકી ગયા હતા તે પછી ફોન બ્લોક કરી નાખ્યો હતો તે પછી ગામમાં વાત ફેલાઈ જતા વકીલ મારફ્ત છૂટાછેડામાં બળજબરીથી સહી કરાવી હતી છતાં લગ્ન કરીશ તેવું વચન જ આપવા છતાં લગ્ન નહી કરતા ફરિયાદ નોંધાવતા પીઆઈ બારોટ સહિતે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બીલિયા મહાદેવ મંદિરના મહંતની ગળાફાંસો ખાધેલી લાશ મળી : હત્યાની આશંકા

## મહંતનો મોબાઈલ, પર્સ જોવા નહીં મળતા લૂંટ કે ચોરીના ઈરાદે મોતને ઘાટ ઉતારી દીધાની શંકાઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણના દેવપરા ગામની વીડીમાં બીલીયા મહાદેવ મંદિરના મહંતની મંદિરના પટાંગણમાં આવેલ બીલીના વૃક્ષ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાધેલી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા સેવકગણોમાં શોક ફરી વળ્યો હતો. જો કે તપાસ દરમિયાન મંદિરના મહંતનો મોબાઈલ, પર્સ અને પૈસા જોવા નહી મળતા કોઈ અજાણ્યા શખ્સોએ લૂંટ કરવાના કે ચોરીના ઈરાદે મહંતને મોતને ઘાટ ઉતારી દીધા હોવાની શંકા સેવાઈ રહી છે. પોલીસે આ દીશામાં તપાસ હાથ ધરી છે.



આ અંગેની માહિતી મુજબ જસદણ તાલુકાના દેવપરા ગામની વીડીમાં આવેલ ઐતિહાસિક બીલીયા મહાદેવની જગ્યામાં આશરે ૩૦ વર્ષથી રહેતા અને સેવાપૂજા કરતા ગણેશગીરીબાપુની મંદિરના પટાંગણમાં આવેલ બીલીના વૃક્ષ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાધેલી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. જો કે લટકતી લાશની નીચે એક પ્લાસ્ટિકની ખુરશી પણ આડી પડેલી જોવા મળી હતી. આ બનાવમાં વહેલી સવારે મંદિરે દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓએ મહંતને લટકતા જોઈને તેમણે ગામના સરપંચ શિલ્પાબેન સદાદીયાના પતિ વિનુભાઈને જાણ કરતા વિનુભાઈ તેમજ ગામના લોકો મંદિરે દોડી ગયા હતા અને આ ઘટનાની જાણ જસદણ પોલીસને કરતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી જઈ મહંતના મૃતદેહને પી.એમ.અર્થે જસદણની સરકારી હોસ્પીટલે ખસેડી વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# જસદણના ગોવિંદનગરમાં ક્રિકેટનો સટ્ટો રમતો પન્ટર ઝડપાયો

## ત્રણ બુકીના નામ ખુલ્યાઃ અલગ અલગ આઈડીમાં રૂા.૧૪ લાખના સોદા કર્યા હતા

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણમાં ચીતલીયા રોડ પર આવેલ ગોવિંદનગરમાં ઘરમાં જ આઈપીએલ સિરીઝમાં ક્રિકેટ પર સટ્ટો રમતો એક શખસને જસદણ પોલીસે ઝડપી પાડી રોકડ રકમ, ટીવી અને મોબાઈલ સહિત રૂ.૫૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ પૂછતાછ હાથ ધરતા બે સુરતના અને એક જસદણના શખ્સનું નામ ખુલતાં તેની શોધખોળ હાથ ધરાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ જસદણ પોલીસ મથકના પીઆઈ તપન જાનીની રાહબરીમાં સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. ત્યારે જસદણમાં ચીતલીયા રોડ પર આવેલ



ગોવિંદનગરમાં રહેતા જીતેન્દ્ર મનજી કાપડીયા નામનો શખ્સ પોતાના મકાનમાં ટેલીવીઝન ઉપર ક્રીકેટ લાઈવ મેચ જોઈ હારજીત કરી ક્રીકેટ મેચના સટ્ટાનો જુગાર રમતો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી તપાસ કરતાં મકાનના બીજા માળે એક રૂમમાં એક શખ્સ આઈપીએલ સિરીઝની દિલ્હી કેપીટલ્સ અને ચેન્નાઈ સુપર કીંગ્સના લાઈવ મેચમાં ક્રિકેટ સટ્ટો રમતો હતો. જેથી સટ્ટો રમતા શખ્સનું નામ પૂછતા પોતે જીતેન્દ્ર કાપડીયા હોવાનું જણાવેલ અને તેના મોબાઈલ ફોનમાં ચેક કરતાં ગુગલ ક્રોમમાં અંદર એચટીટીપીએસ૨૫૭. કોમ એકાઉન્ટ સ્ટેટમેન્ટ નામની આઈડી પર સટ્ટો રમતો હોવાનું ખુલ્યું હતું. બાદમાં મોબાઈલમાં વધુ તપાસ હાથ ધરતા આલ્ફા નેટ. કોમ ગેઈમ ડિટેઈલ, આા. કોમ કોમ્પ્રોફિલ લોસ, કલાઈન્ટ હોમ અને નેક્ઝો એકચેન્જ. કોમ નામની આઈડી પણ જોવા મળી હતી અને તેમાં પણ આરોપી જીતેન્દ્ર ક્રિકેટ મેચ પર જુગાર રમતો હોવાનું ખુલતા તેની ધરપકડ કરી રોકડ, ટીવી અને મોબાઈલ મળી કુલ રૂ.૫૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની પૂછતાછ હાથ ધરી હતી. જેમાં આરોપીએ કબુલાત આપી હતી કે સુરતના મુના, જસદણના કુણાલ લોદરીયા અને સુરતના કૌશિક પાસેથી આઈડી મેળવ્યા હતા. ઉપરાંત અલગ-અલગ આઈડીમાં તપાસ કરતા તેમાં અંદાજીત રૂ.૧૪ લાખની બેલેન્સ જોવા મળી હતી. જેથી પોલીસે આઈડી આપનાર ત્રણેય બુકીની શોધખોળ હાથ ધરી છે.

# પત્ની રોકડ અને દાગીના લઈ પ્રેમી સાથે ભાગી જતાં પતિનો આપઘાતનો પ્રયાસ

## શાપરના વૃધ્ધે પારડી ઓવરબ્રિજ પાસે ફીનાઈલ પી લેતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં અડધી જિંદગીએ પત્ની અધવચ્ચે મૂકી પ્રેમી સાથે ભાગી જતા પતિએ ફીનાઇલ પી લીધું હતું. માતા રૂ.૨૦ હજારની રોકડ અને દોઢ લાખની કિંમતના દાગીના લઈ નાસી છૂટી હોવાનો પુત્રએ આક્ષેપ કર્યો છે. આપઘાતનો પ્રયાસ કરનાર આધેડને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

આ અંગેની માહિતી મુજબ શાપરમાં આવેલી આદર્શ રેસિડેન્સીમાં રહેતા નાનજીભાઈ ધાનાભાઈ સોંદરવા નામના ૬૫ વર્ષના વૃદ્ધ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં પારડી ગામના ઓવર બ્રિજ પાસે હતા ત્યારે ફિનાઈલ પી લીધું હતું. વૃદ્ધને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતા શાપર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં નાનજીભાઈ સોંદરવા મૂળ કેશોદ પંથકના વતની છે અને હાલ શાપરમાં રહી મજૂરી કામ કરે છે અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. નાનજીભાઈ સોંદરવાની પત્ની મીનાબેનને શૈલેષ નામના શખ્સ સાથે આડા સંબંધ હતા અને પત્ની મીનાબેન પ્રેમી શૈલેષ સાથે ભાગી જતા નાનજીભાઈ સોંદરવાને માઠુ લાગી આવતા ફિનાઈલ પી લીધી હોવાનું અને મીનાબેન રૂ. ૨૦,૦૦૦ ની રોકડ અને રૂ.૧.૫૦ લાખની કિંમતના દાગીના લઈ નાસી છૂટી હોવાનો તેમના પુત્રએ આક્ષેપ કર્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આંતર જિલ્લા વાહનચોર ટોળકી ઝડપાઈઃ ઈસનપુર પોલીસે રૂા.૩.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ શહેર જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક ઈસનપુર પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એસ.જાડેજા, ડી સ્ટાફના પીએસઆઇ પી.જી.ચાવડા તથા સ્ટાફના હે.કો. રૂસ્તમભાઈ, પો.કો. પૃથ્વીરાજસિંહ, મનદીપસિંહ, વસિમમિયા, સહિતની પોલીસ ટીમ દ્વારા લોકસભા ચૂંટણી અનુસંધાને વાહન ચેકીંગ દરમિયાન શંકાસ્પદ એક્ટિવા મોટર સાયકલ નંબર GJ-27-VL-3739 સાથે આરોપીઓ (૧) હાર્દિક ઉર્ફે જીગર વિનોદભાઇ બારોટ ઉવ. ૨૭ રહે. જનતાનગર, રામોલ, અમદાવાદ, (૨) અલમાસખાન અલીમહમદ બ્લોચ ઉવ. ૧૯ રહે. નસીમ પાર્ક, રામોલ, અમદાવાદ તથા (૩) કાયદાના સંઘર્ષમાં રહેલ કિશોરને પકડી પાડી, એક્ટિવા નંબર આધારે પોકેટ કોપ એપ્લિકેશન માં સર્ચ કરતા, આ એક્ટિવા દેવેન્દ્રસિંહ દૂર્જનસિંહ સિસોદિયા




રહે. વ્હાઈટ હાઉસ, નવા નરોડા, અમદાવાદનું હોવાની તથા તેમનો સંપર્ક કરતા, આ એક્ટિવા આજથી દોઢેક મહિના પહેલા બાકરોલ, બજરંગ ખાતે આવેલ સ્વાગત એસ્ટેટથી ચોરી થયેલા નું અને આ બાબતે કણભા પોલીસ સ્ટેશન ખાતે પોતાના વાહનની ચોરીની ફરિયાદ દાખલ કરવામાં આવેલ હોવાની હકીકત જણાઈ આવેલ હતી......

પકડાયેલ આરોપીઓને ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે લાવી, પૂછપરછ કરતાં, વધુ ત્રણ વાહનો ચોરી કરી, નારોલ બ્રિજ નીચે રાખેલ હોવાની કબૂલાત કરતાં, નારોલ બ્રિજ નીચેથી (૧) એક રોયલ એનફિલ્ડ બુલેટ મોટર સાયકલ કિંમત રૂ. ૨,૭૮,૨૨૦/-, (૨) એક ઝટજજયુપિટર મોટર સાયકલ કિંમત રૂ. ૩૫,૦૦૦/- તથા (૩) એક હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ કિંમત રૂ. ૩૦,૦૦૦/- સહિત કુલ ચાર મોટર સાયકલ કુલ કિંમત રૂ. ૩,૯૩,૨૨૦/- આશરે ચાર લાખના મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ અને સગીર સહિત ત્રણેય આરોપીઓને ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે લાવી, ધરપકડ કરવામાં આવેલ છે....

# સગભાર્ને પ્રસુતિ પીડા ઉપડતા ૧૦૮ના સ્ટાફે એમ્બ્યુલન્સમાં જ ડીલવરી કરાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીની લરક્ષ એમ્બ્યુલન્સ સ્ટાફે, પડધરી પંથકના દુર્ગમ વિસ્તારમાં પહોંચી, પ્રસુતાને એમ્બ્યુલન્સમાં લઈને સમયોચિત એમ્બ્યુલન્સમાં જ પ્રસુતિ કરાવી હતી. આ વાતના જાણકારો અને મહિલાના પરિવારજનોમાં ૧૦૮નાં સ્ટાફની પ્રશંસા થઈ રહી છે.

આ અંગેની માહિતી મુજબ પડધરી તાલુકાના વચલીઘોડી ગામના સીમ વિસ્તારમાં એક મહિલાને પ્રસવ વેદનાની સારવાર માટે પડધરી ૧૦૮નાં સ્ટાફને કોલ મળ્યો હતો.દરમિયાન ૧૦૮નાં પાયલોટ સુરેશભાઈ દવેરા, ઈએમટી મહેન્દ્રભાઈ ચૌહાણ મળેલા કોલ સ્થળે વચલીઘોડીના સીમ વિસ્તારમાં પહોંચ્યા હતા.અહીંથી ગુડ્ડીબેન સુનિલભાઈ પચાયાને એમ્બ્યુલન્સમાં લઈને હોસ્પિટલ તરફ લઇ જવાતા હતા પરંતુ રસ્તામાં જ ગુડ્ડીબેનને પ્રસવની અસહય પીડા ઉપડતા સ્ટાફને એમ્બ્યુલન્સમાં જ પ્રસુતિ કરવાની ફરજ પડી હતી.હાલ માતા અને બાળકની તબિયત સારી હોવાનું તેમજ ફરજ બજાવનાર પડધરી ૧૦૮નાં સ્ટાફની સરાહના થઇ હોવાનું જાણવા મળ્યું હતું.



# કેશોદના પ્રાંસલી ગામે સ્પર્ધાત્મક પરિક્ષામાં નિષ્ફળ જતા યુવતીનો આપઘાત

**મુખ્ય સમાચાર, કેશોદ**

કેશોદના પ્રાસલી ગામે વાડી વિસ્તારમાં રહેતા મંજીતાબેન હકાભાઈ સાંગાભાઈ પારેડી ઉમર વર્ષ ૨૧ પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી રહ્યાં હતાં જેમાં સફળતા ન મળતાં નાસીપાસ થઈ જતાં પોતાનાં ઘરમાં પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ જતા મરણ પામ્યાંનું પરિવારના સભ્ય દાનાભાઈ ભીખુભાઈ પારેડી એ જાહેર કર્યું હતું.



કેશોદના પ્રાસલી ગામે રહેતી યુવતી મંજીતાબેન હકાભાઈ સાંગાભાઈ પારેડી જુદી જુદી ભરતીઓમાં ફોર્મ ભરેલ હોય પરંતુ પાસ થયેલ ન હોય જેથી એક બે મહિના થી હતાશ રહેતી હતી અને ગુમશુમ રહેતી હોય જેના કારણે આવું પગલું ભરતાં નાનકડા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે અને સમગ્ર પરિવાર શોકાતુર બની ગયેલ છે. કેશોદ પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ભગવતીપરામાં યુવાન પર ખુની હુમલો કરનાર મહુવાથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પાંચ મહિના પૂર્વે ભગવતીપરામાં કોળી યુવાનની હત્યાની કોશિષના સંડોવાયેલ મુસ્લિમ શખ્સને બી ડિવિઝન પોલીસે ભાવનગરના મહુવાથી ઝડપી લીધો હતો.

પોલીસે ભાવનગરના મહુવા ખાતેથી દબોચી લીધો છે. કોળી યુવાનની હત્યાની કોશિષમાં સડોવાયેલ ફિરોઝને ભાવનગર એલસીબીની મદદથી પકડી લેવાયો હતો.



ભગવતીપરામાં યુવાન ઉપર જીવલેણ

રહેતા કોળી હુમલી કરી ફરાર થયેલા જામનગર રોડ નગર-૨માં રહતાં ફિરોઝ હનીફભાઈ સોઢા ( સંજય ઉર્ફે આદિલ ઉ.વ.૩૭)ને બી-ડિવીઝન કામગીરી કરી હતી. પકડાયેલ ફિરોઝ સામે અગાઉ દારૂ, હત્યાના બે, બોગસ દસ્તાવેજો ઉભા કરવાના સહિત ૭ ગુનામાં નોંધાયેલ છે. બી ડિવિઝનના પીઆઈ એસ. એમ. જાડેજા એન તેમની ટીમ દ્વારા વધુ તપાસ હાથ ધણવામાં આવી છે.